Seat No. : _______________

# N43-108

**December-2014**

**B.A., Sem.-VI**

**CC-315 EA : Gujarati**

**(ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. ટૂંકીવાર્તાની વિભાવના ટૂંકમાં સમજાવી, તેનાં સાહિત્ય સ્વરૂપગત લક્ષણો ચર્ચો. **14**

**અથવા**

વિશ્વ સાહિત્યની મહત્ત્વની ટૂંકીવાર્તાઓનો ઉલ્લેખ કરી, ગુજરાતી ટૂંકીવાર્તાની વિકાસરેખા આલેખો.

2. 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ' સંગ્રહને ધ્યાનમાં રાખીને ચેખોવને વાર્તાકાર તરીકે મુલવો. **14**

**અથવા**

કોઈપણ **બે** વાર્તાનો આસ્વાદ કરાવો.

(1) ઈસ્ટરની રાતે

(2) કૂતરાવાળી સ્ત્રી

(3) સુખ

(4) કારકુનનું મૃત્યુ

3. કોઈપણ **બે** વિશે ટૂંકનોંધ લખો : **14**

(1) ચેખોવની પાત્ર નિરૂપણકલા.

(2) 'વાન્કા'નું ચરિત્ર-ચિત્રણ

(3) 'કાચંડો' શીર્ષકની યથાર્થતા

(4) 'છ નંબરનો વૉર્ડ' વાર્તાનો અંત

4. માંગ્યા મુજબ જવાબ લખો :

(A) નીચેના પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો : **7**

(1) માન્ય વિવેચકોને મતે ટૂંકીવાર્તાની જન્મભૂમિ કઈ ગણાય છે ?

(a) રશિયા (b) અમેરિકા (c) ભારત

(2) ટૂંકીવાર્તાનો આદ્યજનક કોણ ગણાય છે ?

(a) મોપાસાં (b) ગોગોલ (c) ચેખોવ

(3) ચેખોવની જન્મ સાલ જણાવો.

(a) 1850 (b) 1860 (c) 1904

(4) ચેખોવના પિતાનો વ્યવસાય શો હતો ?

(a) વેપાર (b) ખેતમજૂર (c) ડૉક્ટર

(5) 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ' સંગ્રહમાં કુલ કેટલી વાર્તાઓ છે ?

(a) આઠ (b) નવ (c) દસ

(6) 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ' ના સંપાદક અને અનુવાદકનાં નામ જણાવો.

(a) જયન્ત પાઠક : રમણ પાઠક

(b) સરોજ પાઠક

(c) રા.વિ.પાઠક

(7) ચેખોવનું અવસાન કેટલા વર્ષની વયે અને કઈ સાલમાં થયું હતું ?

(a) 42 વર્ષની વયે સને 1901

(b) 43 વર્ષની વયે સને 1903

(c) 44 વર્ષની વયે સને 1904

(B) યોગ્ય જોડકાં જોડો : **7**

| **A** | **B** |
|---|---|
| (1) મીઠડી | (a) ડેથ ઑફ એ ક્લાર્ક |
| (2) કૂતરાવાળી સ્ત્રી | (b) હેપિનેસ |
| (3) ગાનારી | (c) વો |
| (4) કાચંડો | (d) કેમેલિયોન |
| (5) અફસોસ ! | (e) ધ કોરસ-ગર્લ |
| (6) સુખ | (f) ધ લેડિ વિથ ધ ડૉગ |
| (7) કારકુનનું મૃત્યુ | (g) ધ ડાર્લિંગ |

5. મૂળ પરિચ્છેદને આધારે ભૂલોવાળા પરિચ્છેદનું પ્રૂફ રીડિંગ કરો : **14**

**મૂળ પરિચ્છેદ**

'વિવેચન'ની પ્રવૃત્તિને યથાર્થ રૂપમાં પામવા તેને સાહિત્ય સિદ્ધાંત (Theory of Literature) થી અલગ રેખાંકિત કરીએ, ત્યાર પછી પણ 'વિવેચન'ની વાત કરવાનું સરળ બનતું નથી. એમાં પણ કૃતિ વિષયક ટૂંકાં અવલોકનો, ટીકાટિપ્પણીઓ, સમજૂતી, વિવરણ, અર્થઘટન, આસ્વાદ, સમીક્ષા, તુલનાત્મક અધ્યયન, અને બીજાં અનેક તરેહનાં લખાણો સમાઈ જાય છે. આ પ્રકારનાં વિવેચનાત્મક લખાણોમાં વિભિન્ન અભિગમો અને વિભિન્ન આશયો પ્રવર્તતા જોઈ શકાય. કોઈ એક વિવેચક નવી શૈલીની સાહિત્ય કૃતિનો સ્વીકાર-પુરસ્કાર કરતાં તેનાં નવ્ય સર્જક તત્ત્વો પર ધ્યાન કેન્દ્રિત કરે; બીજો વિવેચક એની પશ્ચાદ્ ભૂમિકામાં રહેલી સાહિત્યિક પરંપરાઓનો વિશેષ ખ્યાલ કરે, અને તેના સંદર્ભમાં તેનું મૂલ્ય નક્કી કરે; તો ત્રીજો વળી અદ્યતન વિચાર-વલણોની પ્રેરણા અને પ્રભાવનો વિશેષ વિચાર કરે. વિવેચનના ક્ષેત્રમાં આમ સતત પરિપ્રેક્ષ્યો બદલાતા રહ્યા છે. કૃતિ વિષયક વર્ણન વિશ્લેષણની વિગતો કે અર્થઘટનના અભિગમો પણ એ જ રીતે બદલાતા રહ્યા છે. અને, તેથીયે વિશેષ તો કૃતિની ગુણવત્તા (Worth) નક્કી કરવાનાં ધોરણો, કે તેના સિદ્ધાંતોય બદલાતા રહ્યા છે.

5. ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે :

કોઈ **બે** વિશે નોંધ લખો :

(1) પ્રૂફવાચકની મર્યાદાઓ

(2) પ્રૂફરીડરના સામાન્ય ગુણધર્મો

(3) પ્રૂફવાચકની લાયકાત

(4) પ્રૂફવાચકની સંજ્ઞાઓ

**Seat No. : _______________**

પ્રૂફરીડિંગની નિશાનીઓ દર્શાવીને મૂળ પરિચ્છેદને આધારે પ્રૂફ રીડિંગ કરીને આ પેજ તમારી ઉત્તરવહી સાથે જોડો : **14**

## ભૂલોવાળો પરિચ્છેદ

‘વિવેચન’ નિ પ્રવુત્તિન ર્થથાય રૂપમા પામવા તેન સાહિત્ય સિદ્ધાંત (Theory of Literature) થી અલગ રેખાંકત કરીએ ત્યારે પછિ પણ ‘વિવેચન’ ની વાર્તા કરવાનું સરળ બનતું નથી. એમા પણ કૃતિ વિષયક ટૂંકાં અવલોકનો, ટીકાટિપ્પણીઓ, સમજુતિ, વિવરણ, અર્થનઘટ, સ્વાદ, સમિક્ષા, તુલનાત્મક અધ્યયન, અને બીજા અનેક તરેહનાં લખાણો સમાઈ જાય છે. આ પ્રકારનાં વિવેચનાત્મક ઌખાણોમાં વિભિન્ન અભિગમો અને વિભિન્ન આશયો પ્રવર્તતા જોઈ શકાય.

કોઈ અક વવેચક નવી શૈલીની સાહિત્યકૃતિનો સ્વીકાર-પુરસ્કાર કરતાં તેના નવ્ય સર્જક તત્ત્વો પર ધ્યાન કેન્દ્રિત કરે; બીજો વિવેચક એનિ સાહિત્યિક પરંપરાઓનો વિશેષ ખ્યાલ કરે, અને તેના સંદર્ભમાં તેનું મૂલ્ય નક્કી કરે; તો ત્રીજો વળી અદ્યતન વિચારવલણોની પ્રેરણા અને પ્રભાવનો વિશેષ વિચાર કરે. વિવેચનના ક્ષેત્રમાં આમ સતત પરિપ્રેક્ષ્યો રહ્યા બદલાતા છે. કૃતિ વિષયક વર્ણન વિશ્લેષણની વિગતો કે અર્થઘટનના અભિગમો પણ એ જ રીતે બદલાતા રહ્યા છે અને તેથિએ વિશેષતો કૃતિની ગુણવત્તા (worth) નક્કિ કરવાના ધોરણો, કે તેના સિદ્ધાતોય બદલાતા રહ્યા છે.

---